# પ્રધાનમંત્રીના આત્મનિર્ભર મંત્રને સાર્થક કરવા મધુરની મુવેબલ પાર્લર યોજના

## નાગરિકોને ઘર આંગણે સુવિધા અને બેરોજગારોને કામ આપતી મધુર ડેરીની મુવેબલ પાર્લર યોજના પ્રત્યે હકારાત્મક અભિગમ અનિવાર્ય : ચેરમેન શંકરસિંહ રાણા

ગાંધીનગર તા ૧૭

શહેરના સેક્ટરોમાં મધુર ડેરીના મુવેબલ પાર્લરો શરૂ કરાયા છે. દુધ સહીતની જરૂરી ચીજવસ્તુઓ નાગરિકોને દિવસ દરમિયાન સરળતાથી મળી રહે તે માટે પ્રધાનમંત્રીના આત્મનિર્ભરના સુત્રને સાર્થક કરવા માટે ડેરી કક્ષાએથી નવતર યોજના શરૂ કરવામાં આવી હોવાનુ મધુર ડેરીના ચેરમેને જણાંવ્યુ છે. ત્યારે આ યોજના થકી ૬૦ જેટલા બેરોજગારોને રોજગારી આપવાનો ઉમદા હેતુ પણ સાર્થક થઈ રહ્યો છે. જયારે કેન્દ્ર સંચાલકોને પણ દુધ પુરુ પાડવામાં આવી રહ્યુ છે ત્યારે કેન્દ્રોના સંચાલકોને પણ હકારાત્મક અભિગમ દાખવવા માટે જણાંવાયુ છે.

સેક્ટરોમાં શરૂ કરાયેલી મુવેબલ પાર્લર યોજના અન્વયે દુધ કેન્દ્ર સંચાલકો અને વેપારીઓમાં ઉઠતા વિરોધ વચ્ચે મધુર ડેરીએ પ્રધાનમંત્રીના આત્મનિર્ભરતાના સુત્રને આગળ ધર્યુ છે.જિલ્લા દુધ ઉત્પાદક સંઘ મધુર ડેરીના ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેકટર રોહિત મહેતાના જણાંવ્યા મુજબ મધુર ડેરી શહેરીજનો માટે કાયમ હકારાત્મક અભિગમ દાખવે છે. જયારે નગરજનોની દુધની જરૂરિયાતને પહોંચી વળવા અને અસરકારક સેવા આપવા માટે પ્રયત્નશીલ છે. કોરોનાની મહામારીના કપરા કાળમાં પણ મધુર ડેરીએ નાગરિકોને સરળતાથી દુધ અને શાકભાજી સહીતની જરૂરી ચીજવસ્તુઓ સરળતાથી મળી રહે તે માટે અનોખી સેવા પુરી પાડી હતી કર્મચારીઓએ પણ ટીમ વર્કથી કામ કર્યુ હતુ. આવા સંજોગોમાં કપરા સંજોગોમાં જોખમી સ્થિતિ વચ્ચે પણ કામ કર્યુ છે. આ તબકકે તેમણે શહેરના સેકટરોમાં મુકવામાં આવેલ કન્ટેનર સંદર્ભે સેકટરના વેપારીઓ અને કેન્દ્ર સંચાલકોને જણાંવ્યુ છે કે મધુર ડેરીએ આર કે વી વાય યોજના અન્વયે શાકભાજીનો પ્રોજેકટ અમલમાં મુક્યો છે. જયારે આ યોજનાનો લાભ કોરોનાની મહામારી દરમિયાન શુધ્ધ અને સાત્વિક શાકભાજીના પેકીંગ સ્વરૂપમાં નાગરિકાને મળ્યો હતો. જયારે આ પ્રોજેકટ અંતર્ગત સેકટરોમાં મુવેબલ પાર્લર મુકવા અનિવાર્ય હોવાનુ પણ તેમણે જણાંવ્યુ છે. જયારે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ પણ આ મામલે કેન્દ્ર સંચાલકોને પણ દુખી નહી કરી નગરજનોના હીત અને સુખાકારી માટે મહત્તમ વેચાણ આવકની થિયરીને અમલમાં મુકી હોવાનુ જણાંવ્યુ છે. સેકટરામાં કાર્યરત કેન્દ્રો પર સવારના ૪ થી ૮ વાગ્યા સુધી દુધનુ વેચાણ થતુ હોય છે. જયારે ત્યારબાદના સમયગાળામાં મધુર ડેરી સંચાલિત એજન્સીઓ દુધ, છાશનુ વેચાણ કરે છે. આવા સંજોગોમાં સમગ્ર દિવસ દરમિયાન દુધ , દહીં, છાશ , પનીર , આઈસ્કીમ, મીઠાઇ , મધ અને નમકીન ઉપરાંત શાકભાજી નાગરિકોને તેમના ઘર નજીકના વિસ્તારમાંથી જ મળી રહે તે માટે ડેરી દ્વારા મુવેબલ પાર્લરો મુકવામાં આવ્યા છે. જયારે સહકારી દુધની ડેરીમાં વ્યકિતગત વ્યવસાયનો પ્રશ્ન ઉભો થતો નથી. વડાપ્રધાનના આત્મનિર્ભર મંત્રને સાર્થક કરવાના ઉમદા આશય સાથે કેન્દ્ર સંચાલકોની સાથે ૬૦ જેટલા બેરોજગારોને રોજગારી મળે તેમજ નગરની ધાર્મિક અને કોર્મશિયલ જગ્યાએ પણ આ મુવેબલ પાર્લરના લીધે નાગરિકોને સરળતાથી ચીજવસ્તુઓ મળી રહે તેવા આશયથી આ નવતર પ્રયોગ શરૂ કર્યો છે. ત્યારે આ યોજના સંદર્ભે દુધ વાપરનારાઓની મંડળી તેમજ કેન્દ્ર સંચાલકોએ પણ હકારાત્કમ અભિગમ દાખવવો જોઈએ.



### સેકટરોમાં મુવેબલ પાર્લરની યોજનાથી પાણીની પોકાર વચ્ચે દુધના નામે પણ કકળાટ..!!

સેકટરોમાં દિવસ દરમિયાન નાગરિકોને દુધ , શાકભાજી સહીતની ચીજવસ્તુઓ મળી રહે તે માટે મધુર ડેરી દ્વારા આત્મ નિર્ભરના અભિગમ સાથે મુવેબલ પાર્લર યોજના શરૂ કરવામાં આવી છે. સેકટરોમાં આ યોજનાના પ્રારંભિક તબક્કે જ દુધ વિતરણ કેન્દ્ર તેમજ અન્ય પાર્લર કે દુકાનો પરથી દુધ સહીત ડેરી પ્રોડકટસનુ વિતરણ કરતા નાના મોટા વેપારીઓમાં વિરોધ સાથે આક્રોશની લાગણી પ્રવર્તી છે. મધુર ડેરી કક્ષાએથી કોરોનાના કપરા કાળમાં ઉમદા સેવા પુરી પાડવામાં આવી હોવાનુ જણાંવી હવે નાગરિકોની સુખાકારી તેમજ બેરોજગારોને રોજગારી મળે તેવા આશય સાથે આ યોજના શરૂ કરવામાં આવી હોવાનુ જણાવામાં આવે છે. ત્યારે કોરોનાના આ કપરા કાળમાં નાના મોટા વેપારીઓના ધંધા પણ માંડ પાટે ચઢી રહ્યા છે ત્યારે મુવેબલ પાર્લરની યોજના તેમના વેપાર માટે અવરોધરૂપ બની રહેશે તેવો અસંતોષ પણ પ્રબળ બન્યો છે. એકબાજુ દુધ વિતરણ કેન્દ્ર ધરાવતા સંચાલકો પણ આ મુવેબલ પાર્લરની યોજનાથી તેમનુ વિતરણ પ્રભાવિત થશે તેવો રોષ વ્યકત કરી રહ્યા છે. કોરોનામાં લાંબા કપરા કાળમાં દુકાનોના ભાડા પણ માથે પડે તેવી સ્થિતિ સર્જાઇ હતી જયારે હજુ આ બધુ સરખુ કરવાની મથામણ વચ્ચે સેકટરમાં દુધ ,શાકભાજી સહીતની જરૂરી ચીજવસ્તુઓના વેચાણ માટે મધુર ડેરી પુરવઠો સપ્લાય કરવાની સાથે સ્પર્ધાત્કમ અભિગમ દાખવીને જાણે હરિફ બની રહી હોવાની લાગણીથી વેપારીઓને ઠેસ પહોંચી રહી હોવાનુ ચિત્ર પણ સ્પષ્ટ થયુ છે.


## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા રેડક્રોસ સોસાયટીની આજે સામાન્ય સભા યોજાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં કોરોનાના એન્ટીજન ટેસ્ટમાં ૫૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે.
- રાજ્યસભાની ચૂંટણી માટે આજે ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ છે. ભાજપ તરફથી દિનેશભાઈ પ્રજાપતિ અને રામભાઈ મોકરિયા ઉમેદવારી નોંધાવશે.
- રાજ્યસભાની માટે આજે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ હોવાથી આરોગ્ય તંત્ર દ્વારા ત્યાં ત્રણ જેટલી ટીમો થર્મલ ગન સાથે સૌને ચકાસશે.
- સેન્ટ્રલ યુનિ.નો પદવીદાન સમારોહ ૨ ૩મીએ યોજાશે.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પોસ્ટલ બેલેટના પ્રિન્ટીંગની કામગીરી તેના અંતિમ ચરણમાં પહોંચી છે અને કાલથી તેની રવાનગીની કામગીરી શરૂ થશે.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા કાર્યાલયો ખોલવાનું શરૂ થયુ છે. જો કે હજુ મતદારોમાં બહુ ઉત્સાહ જોવા મળતો નથી.

# ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ વિષયે વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

રાજયના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા ગૂજરાત વિદ્યાપીઠના રાજ્ય એનએસએસ સેલ અને કાર્યક્રમ અધિકારી પ્રશિક્ષણ સંસ્થાન ઈટીઆઈ તથા આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ ઉપરાંત ક્ષેત્રિય નિર્દેશાલયના સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાનો ચોથો વેબીનાર યોજાયો હતો. જેમાં 'માર્ગ સલામતી, કોરોના વાયરસ, રસીકરણ અભિયાન તથા યુનિસેફના યુવા કાર્યક્રમ સાથે આઈઓસીના ઉર્જાબચત'' જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. આ વેબીનારમાં અધિક કમિશનર નારાયણ માધુ, મુખ્ય અતિથિપદે રોડ સેફટી ઓથોરિટીના કમિશનર લલિત પાડલીયા તથા માર્ગદર્શકપદે રાજ્ય એનએસએસ અધિકારી બિપિનચંદ્ર નિનામા ઉપસ્થિત રહ્યા હતા.




વેબીનારના પ્રારંભે વિદ્યાપીઠના સાદરા યુનિટના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયાએ સ્વાગત પ્રવચન આપ્યા બાદ ડૉ. અરૂણભાઈ ગાંધીએ પૂર્વ ભૂમિકા સમજાવી હતી. આ પ્રસંગે ગુડ સેમેરીટન પુરસ્કાર વિજેતા જે.વી. શાહે માર્ગ સુરક્ષા વિષયે, રસીકરણ અંગે ડૉ. નૈનેશ વસાવા, યુ રિપોર્ટ અંગે ચાઈલ્ડ પ્રોટેકક્ષન સ્પેસ્યિલિસ શર્મીલા રાયે, યુગા સ્ટેટ કન્સલટન્ટ કુમાર મનીષે અને સ્વાતિ વર્માએ, ઉર્જા બચત અંગે રાજીવ શ્રીવાસ્તવે પ્રવચન આપ્યા હતા. વેબીનારનું સંચાલન ડૉ. નીરજ સિલાવટે કર્યુ હતુ.



ગાંધીનગરમાં આમ તો પાણીની કમી નથી પરંતુ ઉનાળો આવે એટલે પાણીના સ્ત્રોત સુકાતા જાય છે. શહેરને પીવાનું પાણી તો નર્મદા કેનાલ દ્વારા મળે છે પરંતુ સાબરમતી નદીના આડબંધ સંત સરોવર દ્વારા શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોના પાણીના તળ ઉંચા લાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ વર્ષે ચોમાસુ ખુબ જ સારું રહ્યું એટલે સંત સરોવરમાં ખૂબ પાણી આવ્યું. પરંતુ હવે જયારે ઉનાળો નજીક આવી રહ્યો છે ત્યારે નદીના તળ સુકાતા જઈ રહ્યાં છે. નદીમાં રેતી જોવા મળી રહી છે.

## ૪૨/૮૪ કડવા પાટીદાર સિનિયર સીટીઝનોની યોગ-પ્રાણાયામની શિબિર

ગાંધીનગર સ્થિત ૪૨/૮૪ કડવા પાટીદાર સિનિયર સીટીઝન ગ્રુપ આયોજિત ઉમિયા કૃપા સોસાયટી કુડાસણ ખાતે વરિષ્ઠ નાગરિકોની યોગ-પ્રાણાયામની શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વડીલોએ ખૂબ ઉત્સાહભેર યોગ-પ્રાણાયામ કરી શારિરીક માનસિક તંદુરસ્તી જળવાય તેવા ઉમદા આશયથી શિબિર સંપન્ન થઈ હતી.

# સાદરા ખાતે વિદ્યાપીઠની શારીરિક શિક્ષણ વિદ્યાશાખામાં પ્રત્યક્ષ શિક્ષણનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સાદરા ખાતે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા સંચાલિત શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખામાં પ્રત્યક્ષ શિક્ષણ પ્રારંભ થયું. લોકડાઉન પછી તાજેતરમાં શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સાદરા ખાતે પરિસરમાં પ્રત્યક્ષ શિક્ષણ માટે આવી ગયા છે. ભારત સરકાર અને વિશ્વવિદ્યાલય અનુદાન આયોગની માર્ગદર્શિકા મુજબ પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યુ છે. પ્રત્યક્ષ શિક્ષણની શરૂઆત કરતા પહેલા યોજાયેલા વેબીનારમાં ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલીયા, મેડીકલ ઓફિસર નૈનેશભાઈ વસાવા, ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા, ગૃહપતિ ભરતભાઈ પટેલ, ગૃહમાતા સુર્યાબેન ભગોરા અને અધ્યાપક ડૉ. અરવિંદભાઈ રામીએ ભારત સરકાર અને વિશ્વવિદ્યાલય અનુદાન આયોગની કોવીડ-૧૯ ગાઈડલાઈન વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.




# સારસંભાળમાં બેદરકારીના પગલે દાંડી કુટિરની ખૂબસૂરતી ઝંખવાઈ

## પૂ.બાપુને સમર્પિત સ્મારક 'દાંડી કુટિર' ફરતે વિકસાવાયેલા બગીચા અને લેન્ડસ્કેપની લોન સુકાઇ ગઇ : લોકડાઉનના સમયથી સારસંભાળ પ્રત્યે ઉપેક્ષા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના મહાત્મા મંદિર પાસે બનાવાયેલા દાંડી કુટિર પાસે તૈયાર કરવામાં આવેલો સુંદર બગીચો અને લેન્ડસ્કેપિંગ યોગ્ય સારસંભાળના અભાવે દુર્દશાગ્રસ્ત બની જવા પામ્યાં છે. લોકડાઉન સમયથી દાંડી કુટિર ફરતે બનાવાયેલ લેન્ડસ્કેપની સારસંભાળ પ્રત્યે ઉપેક્ષા થઈ રહી હોવાનું જાણવા મળ્યું છે.



ગાંધીનગરમાં મહાત્મા મંદિર સાથે રાષ્ટ્રપિતા પૂજ્ય ગાંધીબાપુને સમર્પિત એક મલ્ટી મીડિયા સહિતના અદ્ભુત પ્રદર્શનને સોલ્ટ માઉન્ટ સ્વરૂપે વિકસાવવામાં આવ્યું છે જેને દાંડીકુટિર નામ આપવામાં આવ્યું છે. દાંડીકુટિર માત્ર ગાંધીનગર જ નહી પરંતુ ગુજરાતનું પૂજ્ય બાપુના સંભારણા દર્શાવતું અનોખું સ્મારક બની રહેવા પામ્યું છે જેની મુલાકાતે દેશભરમાંથી અને વિદેશમાંથી પણ મુલાકાતીઓ આવે છે. દાંડી કુટિરની આસપાસનાં વિસ્તારને સુંદર બાગ બગીચાને લેન્ડસ્કેપિંગથી સુશોભિત કરવામાં આવ્યો હતો પરંતુ છેલ્લા કેટલાંક સમયથી તેની સારસંભાળ પ્રત્યે ભારે ઉદાસીનતા સેવવામાં આવી રહી હોવાનું જણાઈ આવે છે. આ કારણે દાંડીકુટિર ફરતેના બગીચા અને લેન્ડસ્કેપિંગની લોન તદ્દન સૂકાઈ જવા પામી છે તેમજ ફૂલછોડ પણ બદતર હાલતમાં જોવા મળી રહ્યાં છે જેના કારણે સમગ્ર દાંડીકુટિરની સુંદરતાને બટ્ટો લાગી રહ્યો છે. આસપાસના વિસ્તારમાં રહેતા નાગરિકોના જણાવ્યા મુજબ લોકડાઉન સમયથી સમગ્ર બગીચાની અને લેન્ડસ્કેપીંગની માવજતમાં બેદરકારી રાખવામાં આવી રહી છે જેના કારણે તેની સ્થિતિ અત્યંત બદસૂરત થઈ જવા પામી છે.

# રાજયમાં ૧૦૦ ગ્રામ પંચાયતને 'ધૂમ્રપાન મુક્ત ગ્રામ પંચાયત' જાહેર કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૭

ફેઈથ ફાઉન્ડેશન દ્વારા તા.૧૫મી ફેબ્રુઆરી 'ઈન્ટરનેશનલ ચાઈલ્ડહૂડ કેન્સર ડે' નિમિતે પરોક્ષ ધૂમ્રપાનથી બાળકોમાં થતાં કેન્સરથી બચાવવા માટે ગુજરાત રાજયમાં ૧૦૦ ગ્રામ પંચાયતને 'ધૂમ્રપાન મુક્ત ગ્રામ પંચાયત' જાહેર કરવામાં આવી અને 'ટોબેકો ફ્રી એડ્યુકેશન ઈન્સ્ટિટ્યુશન' જાહેર કરવામાં આવ્યા છે. આ ગામમાં સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ ૨૦૦૩ અધિનિયમની કલમ ૪, ૬ (અ અને બ)ના પ્રમાણે સાયનેજ બોર્ડ જાહેરજગ્યા અને શાળામાં લગાવવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે પરોક્ષ ધૂમ્રપાનના સંપર્કમાં આવીને વાર્ષિક ૯ લાખ નાગરિકો મુત્યુ પામે છે, શિશુઓ અને બાળકોમાં અસંખ્ય સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બને છે, જેમાં વારંવાર અને ગંભીર અસ્થમાના હુમલા, શ્વસન ચેપ અને અચાનક શિશુ મૃત્યુ સિંડ્રોમનો સમાવેશ થાય છે. તમાકુના સેવનથી થતી આડઅસરોનું પ્રમાણ ઘટાડવા અને આવનારી પેઢીને તમાકુ, સિગરેટના ધુમાડાથી દૂર રાખવા માટે આ દિવસ ઉજવાય છે.




# માણેકબા અધ્યાપન મંદિર, અડાલજ ખાતે સરસ્વતી વંદના અને વસંતના વધામણા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજ અને અખિલ ભારતીય સાહિત્ય પરિષદ દ્વારા વસંતપંચમી નિમિત્તે સરસ્વતી વંદના તેમજ વંસતના વધામણાં સાથે સંસ્થામાં અભ્યાસ માટે આવેલ પ્રથમ વર્ષની દિકરીઓના પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અખિલ ભારતીય સાહિત્ય પરિષદના ઈકાઈ ગાંધીનગર યુનિટ તરફથી પ્રા. અમૃતભાઈ ચૌધરી દ્વારા વસંતના વધામણાં કરતું વકતવ્ય આપવામાં આવ્યું હતું. તેમજ અખિલ ભારતીય સાહિત્ય પરિષદના ઈકાઈ ગાંધીનગર વતીથી કમલેશભાઈ ચાવડાએ પોતાના વકતવ્યમાં અખિલ ભારતીય સાહિત્ય પરિષદની પ્રવૃત્તિઓની ઝલક આપી હતી. આ કાર્યક્રમમાં સુરેખાબેન ચૌધરી તથા સ્મિતાબેન દવે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અયનાબેન પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સંસ્થાની પ્રશિક્ષણાર્થી બહેનો દ્વારા વસંતના સુંદર ગીતોનું ગાયન કરાયું હતું.





ગાંધીનગર જિલ્લા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની બેઠક તાજેતરમાં ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં રકતદાન શિબિરના આયોજન અંગે ચર્ચાઓ થઈ હતી.



માણસા તાલુકાના ઈટાદરા પંથકમાં પૂર્વ સાંસદ શંભુનાથ ટુંડિયાએ એક ગ્રામસભાને સંબોધન કર્યુ હતુ તે પ્રસંગની તસ્વીર.

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ**

મધુર ડેરી, 'ક' રોડ, ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮

ગાંધીનગર શહેરમાં અને શહેરી વિસ્તારની આજુબાજુના મધુર ડેરી દ્વારા શાકભાજી, દૂધ અને દૂધની પ્રોડક્ટના વેચાણ માટે 'કન્ટેનર' મૂકવાના છે. સવારના ૮-૦૦ વાગ્યાથી રાત્રીના ૧૦-૦૦ વાગ્યા સુધી દૂધ અને દૂધની અન્ય પ્રોડક્ટ્સ વેચી શકાશે. રસ ધરાવતી વ્યક્તિઓએ પોતાની પાસે ઉપલબ્ધ જગ્યા અંગેના પુરાવા સાથે દિન-૫માં જનરલ મેનેજર (માર્કેટીંગ)ને અરજી સાથે રૂબરૂ મળવાનું રહેશે.

ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રી